| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Sandesh (City Life)** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **30/3/2022** |
| **PAGE :** | **1** |

એમએસએમઇની વૃદ્ધિને વેગ મળ્યો છે; તેમને મજબૂત કરવાની જરૂર છે : નારાયણ રાણે

# EDIIમાં MSMEની સ્પર્ધાત્મકતા અને વૃદ્ધિ પર મેગા સમિટનો પ્રારંભ



**સિટી લાઈફ :** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) દ્વારા બે દિવસીય MSMEની સ્પર્ધાત્મકતા અને વૃદ્રિ પર મેગા સમિટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સમિટમાં દુનિયાભરના ઉદ્યોગસાહસિકો, શિક્ષાવિદો, નીતિ ઘડવૈયાઓ, ઉદ્યોગના આગેવાનો, વિચારશીલ નેતાઓ, બિઝનેસ ચેમ્બર્સ, ઔદ્યોગિક સંગઠનો, સ્ટાર્ટઅપ્સ, સામજિક પ્રભાવ સંસ્થાઓ, એમએસએમઈ અને સ્વયંસહાય જૂથો જોડાઈને પોતાનો મત રજૂ કરશે. કેન્દ્રીય એમએસએમઈ મંત્રી નારાયણ રાણેએ મેગા સમિટનું ઈનોગ્રેશન કર્યુ હતું. આ બે-દિવસીય સમિટમાં એમએસએમઈ ક્ષેત્રમાં વૃદ્ધિ, પડકારો અને તકો પર ચર્ચા સત્રો અને પેનલ ચર્ચા જોવા મળશે તથા ભારત, સિંગાપોર, પેરુ, રવાન્ડા, મ્યાંમાર, રશિયા, ઉઝબેકિસ્તાન, સ્પેન અને ઈરાનમાંથી વક્તાઓ અને નિષ્ણાતો સમિટમાં તેમના અનુભવો શેર કરશે.